**કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ**
**કાર્યાલય, જિલ્લોઃ અરવલ્લી**

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન શામળાજી રોડ, મોડાસા
મુ.મોડાસા, જિ.અરવલ્લી-૩૮૩૩૧૫
ફોન.નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૦,૨૫૦૨૦૩
ફેક્સ નં. (૦૨૭૭૪) ૨૫૦૨૦૨
Email-collector-arv@gujarat.gov.in

<u>ચૂંટણી/તાત્કાલિક</u>

નં.ચૂંટણી/સ્વરાજ્યના એકમો/છાપકામ/વશી/ ૫૪૪ /૨૦૨૬                                        તા.૦૩/૦૪/૨૦૨૬

વંચાણમાં લીધું :

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ,સચિવાલય,ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-૯૪૧૯ થી ૯૫૪૯ તા.૦૧/૦૪/૨૦૨૬
(૨) અત્રેની કચેરીના આદેશ નં. ઈએલસી/છાપકામ/હુકમ/વશી/૦૪/લો.સા.ચૂં.-૨૦૨૪,તા.૦૩/૦૪/૨૦૨૪
(૩) પ્રોપરાઈટરશ્રી, એકતા ઓફસેટ, નડીયાદ જિ.ખેડાનાઓનો તા.૦૩/૦૪/૨૦૨૬ નો સંમતિ પત્ર

**વર્ક ઓર્ડરઃ-**

આમુખ (૧) થી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજવા અંગે કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેમાં અત્રેના જિલ્લામાં ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજનાર છે. જે ચૂંટણી કાર્યક્રમમાં સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જરૂરી સ્ટેશનરી તથા સાધન સામગ્રી પુરી પાડવાની થાય છે. સદરહુ ચૂંટણી માટેના વૈધાનિક / બિન વૈધાનિક ફોર્મ્સ, ઉમેદવારી ફોર્મ્સ, પરબીડીયા જેવી વિવિધ છાપકામને લગતી કામગીરી ચૂંટણી અધિકારીશ્રીઓને મળી રહે તે હેતુથી એજન્સીની નક્કી કરવાની થાય છે.

સદરહું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઈ સમયમર્યાદામાં ઓનલાઈન GeM Portal દ્વારા ટેન્ડરની કામગીરી પૂર્ણ થઈ શકે તેમ ન હોય લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં આપવામાં આવેલ એજન્સીને વર્ક ઓર્ડર આપવાનો થાય છે.

આમુખ-૨ ના તા.૦૩/૦૪/૨૦૨૪ ના હુકમની વિગતે આંતરીક કમિટિ ધ્વારા છાપકામ માટે નક્કી કરવામાં આવેલ સ્પેશિફિકેશન આધારે GeM portal પર ટેન્ડરની ઓનલાઇન પ્રકિયા તા.૨૯/૦૧/૨૦૨૪ થી તા.૧૨/૦૨/૨૦૨૪ સુધી હાથ ધરવામાં આવેલ હતી. જે ટેન્ડરમાં એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડા એજન્સીને આમુખ-૨ ના હુકમથી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં છાપકામની કામગીરી પુરી પાડવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે વર્ક ઓર્ડરમાં દર્શાવેલ ભાવોમાં કામગીરી કરવા આમુખ-૩ થી એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડાને સંમિત આપેલ છે.

આમ, ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓના કામે અત્રેની કચેરીના આમુખ-૨ ના તા.૦૩/૦૪/૨૦૨૪ ના વર્ક ઓર્ડરમાં નક્કી થયેલ ભાવો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધિન ન.પા. તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ માટે છાપકામની કામગીરી પુરી પાડવા એકતા ઓફસેટ નડીયાદ, જિ.ખેડાને વર્ક ઓર્ડર આપવા આથી આદેશ આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આમુખ-૨ ના હુકમમાં દર્શાવેલ ભાવો મુજબ છાપકામની કામગીરી પુરી પાડવાની રહેશે તેમજ આમુખ-૨ના હુકમની શરતો મુજબની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.
(૨) ચૂંટણીના સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા સબંધિત પેઢીને તેઓની જરૂરિયાતના પ્રમાણમાં ડીમાન્ડ લેટર મળેથી તે મુજબનું છાપકામ સમયમર્યાદામાં કરી આપવાનું રહેશે.
(૩) નગરપાલિકાઓની ચૂંટણીઓ માટે છાપકામની કામગીરીમાં અંગેનું બિલ અલગથી બનાવવાનુ રહેશે.
(૪) વર્ક ઓર્ડર સબંધી કોઇ પણ ભાવ, માલસામાન, ગુણવત્તા,ડીલીવરી, કે રીજેક્શન સબંધી કોઇ પણ વિવાદ ઉપસ્થિત થશે તો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) વર્ક ઓર્ડરની કોઈ પણ શરતનો ભંગ થયેથી જરૂરી પેનલ્ટી લગાવવાનો, એક પક્ષિય કરાર રદ કરવાનો અધિકાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીને અબાધિત રહેશે અને ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને એજન્સી સામે તે બદલ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૬) સરકારશ્રીની સુચનાઓ,અદાલતી ચુકાદાઓના કારણોસર કે અનિવાર્ય કારણોસર કોન્ટ્રાકટ ગમે ત્યારે એક તરફી સમાપ્ત કરવાનો અધિકાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અરવલ્લીને રહેશે.

(૭) નિયમોનુસાર / કાયદાનુસાર ભરવાપાત્ર ઈન્કમટેક્ષ / અન્ય ટેક્ષ એજન્સીએ ભરવાના રહેશે.

(૮) એજન્સીને નિયમોનુસાર/કાયદાનુસાર ભરવાપાત્ર ટી.ડી.એસ./જી.એસ.ટી.ની રકમ કપાત કરી ત્યારબાદ જ બિલ ચુકવવાનું રહેશે.

(૯) સદરહુ વર્ક ઓર્ડરનો હુકમ મળયેથી એજન્સીએ દિન-૭ માં રૂા.૩૦૦/- ના સ્ટેમ્પ પર નિયત નમુનામાં કરારનામુ કરી રજુ કરવાનું રહેશે.

(૧૦) સદરહું ઓર્ડર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ પુરતો અમલમાં રહેશે.

જિલ્લા ચૂંટણી અધિકારી
અને કલેકટર અરવલ્લી

પ્રતિ,

પ્રોપરાઈટરશ્રી,

એકતા ઓફસેટ પ્રા.લિ.,

૯/બી, સાધના સોસાયટી,

પેટલાદ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧.

**નકલ સવિનય રવાના:** સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના:** (૧) પ્રાંત અધિકારીશ્રી, મોડાસા/બાયડ તરફ જાણ-વ-અમલ સારૂ.

(૨) મામલતદારશ્રી, મોડાસા/ભિલોડા/મેઘરજ/બાયડ/માલપુર/ધનસુરા/શામળાજી/સાઠંબા તરફ ૨/- જાણ તેમજ સબંધિત એજન્સીને જરૂરી છાપકામનો ડીમાન્ડ લેટર અચૂક મોકલી તેની જાણ અત્રેને કરવાની રહેશે.ત્યારબાદ એજન્સી દ્વારા આપવામાં આવેલ બિલોની ચકાસણી કરી ચુકવણી કરવાની રહેશે.

(૩) ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, (તમામ) તરફ જાણ-વ-અમલ સારૂ.

(અમલ: સબંધિત મામલતદારશ્રી મારફત)

મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની કચેરી**

જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મુ૩૮૩૩૧૫–અરવલ્લી.જિ ,મોડાસા.

ફોન નં૨૫૦૨૧૯–૦૨૭૭૪.
ફેક્સ નં૨૫૦૨૦૧–૦૨૭૭૪.
Email:dvdeoarv@gmail.com

चुनाव का पर्व DESH KA GARV

નં.ઈએલસી/છાપકામ/હુકમ/વશી/૦૪/ લો.સા.ચૂં.–૨૦૨૪ તા.03/૦૪/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના પત્ર ક્રમાંકઃ બીજીટી/૧૦૨૩/૪૮૮/છ તા. ૨૬/૦૨/૨૦૨૪

(૨) અત્રેની કચેરીના બીડ નં: ઇલેકશન/મતદારયાદી/VIS/VoterGuide/etc./બીડ નં.૦૧/૨૦૨૪

(૩) GeM Portal Bid no: GEM/2024/B/4545675, Dt:29-01-2024

**આદેશઃ–**

આમુખ–(૧) અન્વયે આપેલ સુચના મુજબ આમુખ–(૨)માં જણાવેલ વિગતે લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ના કામે અત્રેના જિલ્લા કક્ષાએ તથા ૩૦–ભિલોડા, ૩૧–મોડાસા અને ૩૨–બાયડ વિધાનસભા મતવિસ્તારમાં પોસ્ટર બેનર, પેમ્ફલેટ, સ્ટીકર છાપકામ તેમજ અન્ય ચૂંટણીલક્ષી છાપકામ તથા હોર્ડીંગ્સ માટેની કામગીરી કરાવવા એજન્સી નક્કી કરી ભાવ નક્કી કરવાના થતાં હોઈ અત્રેના ઈ–ટેન્ડર બીડ નં. ઇલેકશન/મતદારયાદી/VIS/VoterGuide/etc./બીડ નં.૦૧/૨૦૨૪ થી GeM Portal પર GEM/2024/B/4545675, Dt:29-01-2024 થી ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી ઓનલાઇન ભાવ પત્રકો મંગાવવામાં આવેલ હતા.

આમુખ–(૩) ની વિગતે અત્રેની તા.૨૯/૦૧/૨૦૨૪ની ઈ–ટેન્ડર નોટીસ મુજબ GeM Portal પર ઓનલાઈન ટેન્ડરની છેલ્લી અવધિ તા.૧૨/૦૨/૨૦૨૪ હતી. ઈ–ટેન્ડરની અવધિ પૂર્ણ થતાં સદરહુ બીડમાં કુલ ૮ (આઠ) એજન્સીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ છે, (૧) એ.આર.સ્ટેશનરી માર્ટ, મહેસાણા (૨) ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર–સાબરકાંઠા (૩) Dawn e - Networks Limited Naranpura, Ahmedabad (૪) દીપ ઓફસેટ, પાટણ (૫) એકતા ઓફસેટ પ્રા.લી., નડીયાદ–ખેડા(૬) હરિઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર (૭) આર.કે.કોર્પોરેશન, મોડાસા (૮) શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર. તા.૨૬/૦૨/૨૦૨૪ના રોજ યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં બીડમાં ભાગ લીધેલ તમામ એજન્સીઓના ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ તથા એજન્સીઓને ખુટતા આધાર–પુરાવા GeM પોર્ટલ પર ઓનલાઇન રજુ કરવા ૪૮ કલાકનો સમય આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ, ત્યારબાદ તા. ૦૧/૦૩/૨૦૨૪ના રોજ યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં ઉકત જણાવેલ એજન્સીઓ પૈકી (૧) Dawn e-Networks Limited Naranpura, Ahmedabad (૨) દીપ ઓફસેટ જિ.પાટણ (૩) આર.કે.કોર્પોરેશન, મોડાસા (૪) શ્રી હિંમત વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હિંમતનગર દ્વારા સમયમર્યાદામાં આધાર પુરાવા રજુ ન થતાં આંતરિક સમિતિ દ્વારા તેઓને ગેરલાયક ઠરાવવાનું તથા તે સિવાય અન્ય તમામ એજન્સીઓને DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ) સમક્ષ ફાયનાન્સિયલ બીડ ખોલવા માટે લાયક ઠરાવવામા આવેલ હતા. જે સંદર્ભે તા.૧૧/૦૩/૨૦૨૪ના રોજ

યોજાયેલ DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ)ની બેઠકમાં ફાયનાન્સિયલ બીડ ખોલવામાં આવતા નીચે મુજબની એજન્સીઓ લાયક ઠરાવવામાં આવેલ.

| અનુ. નં. | ટેન્ડરની વિગત | કોલમ નં. ૨માં જણાવેલ ટેનડરમાં (GeMપોર્ટલ પર) ભાગ લીધેલ એજન્સીઓ પૈકી ફાયનાન્સીયલ બીડ ખોલવા માટે લાયક થયેલ એજન્સીની વિગત | એજન્સીઓના આવેલ રેંકની વિગત | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1 | છાપકામ અંગેની કામગીરી બાબત | ૧. હરિઓમ સેલ્સ કોર્પોરેશન હિંમતનગર | L 1 | |
| | | ૨. એકતા ઓફસેટ પ્રા.લી. નડીયાદ ખેડા | L 2 | |
| | | ૩. એ.આર.સ્ટેશનરી માર્ત મહેસાણા | L 3 | |
| | | ૪. ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ હિંમતનગર | L4 | |

આમ, ઉક્ત વિગત L1 એજન્સી હરિઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગરને રજૂ કરેલ ભાવમાં કામગીરી કરવા અંગેની સ્પષ્ટતા મેળવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ, જે સંદર્ભે તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ ૧૭.૦૦ કલાકે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અરવલ્લીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં છાપકામની કામગીરી અંગેના ટેન્ડરમાં L1 થયેલ એજન્સીની રજુ કરેલ ભાવ બાબતે જસ્ટીફીકેશન માંગતાં પ્રોપરાઈટરશ્રી હરિઓમ સેલ્સ કોર્પોરેશન, હિંમતનગર દ્વારા સંતોષકારક સ્પષ્ટતા રજૂ કરી શકેલ ન હોઈ તા.૨૨/૦૩/૨૦૨૪ ના રોજ યોજાયેલ આંતરિક સમિતિની બેઠકમાં L1 એજન્સીને રદ કરી L2 એજન્સી એકતા ઓપસેટ પ્રા.લી. નડીયાદ ખેડાને રજૂ કરેલા ભાવો બાબતે નેગોશીયેશન કરવાનું નક્કી થયેલ ત્યારબાદ તા. ૨૬/૦૩/૨૦૨૪ ની આંતરિક સમિતિની બેઠકમાં L1 એજન્સીએ રજૂ કરેલ ભાવો બાબતે DPC (ખાતાના વડા કક્ષાની ખાતાકીય ખરીદ સમિતિ)માં મંજૂરી મેળવવાનું નક્કી થયેલ. જે બાબતે તા. ૨૭/૦૩/૨૦૨૪ ના રોજ યોજાયેલ બેઠકમાં L1 એજન્સી એકતા ઓપસેટ પ્રા.લી. નડીયાદ ખેડાને વર્ક ઓર્ડર આપવાનું સર્વાનુમતે નક્કી થયેલ છે. જેમાં નીચે મુજબના ભાવો મુજબ કામગીરી કરવા જણાવેલ છે.

| Sr. No. | Item Discription | Unit | rate | Approximate Quantity | Total Value Rs. (4 x 5) |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1 | Assembly Constituency wise Printing of Electoral Roll with Binding Aproximate 17 sets (600 DPI Laserprint, Min. 80 GSM, A4 size) (Main Page of ER – 100 GSM, A4 size, 600 DPI Laserprint) Nos of Pages of One Set (Aprox.) 43000 x 17 set = 731000 **[No of Pages - 365500 (2-sided page)]** | per page (2-sided print) | 1.09 | 365500 | 398395 |
| 2 | Voter Information Slip (600 DPI Laserprint, Min. 80 GSM, A4 size) No. of Pages 850000 (Aprox.) **[No of Pages - 425000 (2-sided page)]** | per page (2-sided print) | 1.09 | 425000 | 463250 |
| 3 | Voter Guide (600 DPI Laserprint, Min. 80 GSM, A4 size) [12 (Nos of Pages of One set) x 275000[(Nos of Houses) Aprox.] = 3300000 (Aprox.)] **[No of Pages - 1650000 (2-sided page)]** | per page (2-sided print) | 0.42 | 1650000 | 693000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4 | Banners (With 4 Eyelets) (4 ft x 3 ft) | per sq.ft. | 6.9 | 16776 | 115754.4 |
| 5 | Banners (With 4 Eyelets) (4 ft x 2 ft) | per sq.ft. | 6.9 | 14160 | 97704 |
| 6 | Banners (With 4 Eyelets) (3 ft x 2 ft) | per sq.ft. | 6.9 | 786 | 5423.4 |
| 7 | Banners (With 4 Eyelets) (2 ft x 2 ft) | per sq.ft. | 6.9 | 240 | 1656 |
| 8 | Vinyl Printing (Price With Pasting Work) (4 ft x 3 ft) | per sq.ft. | 12.9 | 24300 | 313470 |
| 9 | Vinyl Printing (Price With Pasting Work) (4 ft x 2 ft) | per sq.ft. | 12.9 | 8432 | 108772.8 |
| 10 | Vinyl Printing (Price With Pasting Work) (3 ft x 2 ft) | per sq.ft. | 12.9 | 11592 | 149536.8 |
| 11 | Vinyl Printing (Price With Pasting Work) (2 ft x 2 ft) | per sq.ft. | 12.9 | 3304 | 42621.6 |
| 12 | Name Plat (3 m.m. in ACP Vinyl Material) | per sq.ft. | 3.5 | 24 | 84 |
| 13 | Flex Banner with Iron Frame (1.25 inch size pipe) | per sq.ft. | 40 | 1152 | 46080 |
| 14 | Hoardings (Wooden framed hoardings with sheet seat with iron gutters Price inclusive of installation at site) (15ft * 10ft OR 10ft x 6ft) (size as per requirement) | per sq.ft. | 6.9 | 1035 | 7141.5 |
| 15 | Standy (6 ft. X 3 ft.) | per unit | 649 | 524 | 340076 |
| 16 | Khakhi Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 12103339 | 121033.39 |
| 17 | White Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 9215305 | 92153.05 |
| 18 | Yellow Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 23476128 | 234761.28 |
| 19 | Brown Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 9563516 | 95635.16 |
| 20 | Green Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 8904833 | 89048.33 |
| 21 | Light Blue Cover (size as per requirement) | per sq.centimeter | 0.01 | 5643263 | 56432.63 |
| 22 | Printing On A4 Size Paper (Min. 75 GSM) Black & White Print (All types of Forms (E-Roll & Election related) | per page (2-sided print) | 0.36 | 23034 | 8292.24 |
| 23 | Printing On Legal Size Paper (Min. 75 GSM) Black & White Print (All types of Forms (E-Roll & Election related) | per page (2-sided print) | 0.42 | 6282 | 2638.44 |
| 24 | Printing On A4 Size Paper (Min. 75 GSM) Colour Print (All types of Forms (E-Roll & Election related) | per page (2-sided print) | 0.36 | 23034 | 8292.24 |
| 25 | Printing On Legal Size Paper (Min. 75 GSM) Colour Print (All types of Forms (E-Roll & Election related) | per page (2-sided print) | 0.42 | 6282 | 2638.44 |
| 26 | Baize (Matdan Mathakna Pramukh Adhikari) (Round shape) (diameter-min.100 mm) | per unit | 0.65 | 1070 | 695.5 |
| 27 | Baize (Matdan Adhikari) (Round shape) (diameter-min.100 mm) | per unit | 0.32 | 3210 | 1027.2 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 28 | Baize (Matdan Agent) (Round shape) (diameter-min.100 mm) | per unit | 0.32 | 6420 | 2054.4 |
| 29 | Baize (Patavada) (for Polling Station) (Round shape) (diameter-min.100 mm) | per unit | 0.32 | 1070 | 342.4 |
| 30 | Sign Board (Matdan Kutir) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 31 | Sign Board (Matdan ni Guptata Jadavo) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 32 | Sign Board (Line ma Ubha Raho - Purush) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 33 | Sign Board (Line ma Ubha Raho - Stree) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 34 | Sign Board (Andar Javano Rasto) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 35 | Sign Board (Bahar Javano Rasto) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 36 | Sign Board (Line - Purush) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 37 | Sign Board (Line - Stree) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 38 | Sign Board (Shanti Jadavo) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 39 | Sign Board (Dhurmpan nisedh) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 40 | Sign Board (Mobile Pravesh Pratibandh) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 41 | Sign Board (Matdan Mathakthi 100 meter ni trijyama prachar karvani manai chhe.) (2ft x 2ft) | per sq.ft. | 0.5 | 4280 | 2140 |
| 42 | Sign Board (Other) (Any size) | per sq.ft. | 0.5 | 8560 | 4280 |

આમ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના કામે અરવલ્લી જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા જિલ્લામાં સમાવિષ્ટ ૩૦-ભિલોડા,૩૧-મોડાસા અને ૩૨-બાયડ વિધાનસભા મતદાર વિભાગ માટે કરવાની થતી છાપકામની ચૂંટણીલક્ષી કામગીરી માટે બીડરશ્રી **એકતા ઓફસેટ પ્રા.લી નડીયાદ-ખેડા**ને ઉપર જણાવ્યા મુજબની આઈટમોના કામગીરીના તે સામે દર્શાવેલ ભાવો મુજબ છાપકામની કામગીરી કરવા ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિન ટેન્ડર મંજુર કરવા આથી આદેશ કરવામાં આવે છે.

**જિલ્લા ચૂંટણી અધિકારી**
**અને કલેકટર,અરવલ્લી**

બિડાણ : શરતોની નકલ

પ્રતિ,
પ્રોપરાઈટરશ્રી,
એકતા ઓફસેટ નડીયાદ,
જિ.ખેડા

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:-**

- મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી...............(તમામ)
- મામલતદારશ્રી...................(તમામ)